# પ્રોડક્શન ડિઝાઈનર

પ્રોડક્શન ડિઝાઈનર્સ ફિલ્મ, ટેલિવિઝન અથવા થિયેટર પ્રોડક્શનના વિઝ્યુઅલ કન્સેપ્ટ્સ માટે જવાબદાર હોય છે. તેઓ દિગ્દર્શક અને નિર્માતા સાથે મળીને કામ કરતી વખતે સેટ, લોકેશન, ગ્રાફિક્સ, પ્રોપ્સ, લાઈટિંગ, કેમેરા એંગલ અને કોસ્ચ્યુમ માટે ડિઝાઈન સ્ટાઈલની ઓળખ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને ચીજવસ્તુઓને એકત્ર કરવાનું ગમે છે
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૬૦,૦૦૦ થી ૯,૨૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો

૨. ફિલ્મ અને ટેલિવિઝન પ્રોડક્શનમાં સ્નાતકની (B.Sc. / BA) પૂર્ણ કરી અને તે જ વિદ્યાશાખામાં M.Sc. / MAની અનુસ્નાતકની ડિગ્રી મેળવો

**અથવા**

ફિલ્મ અને ટેલિવિઝન પ્રોડક્શનમાં ડિઝાઈનમાં સ્નાતકની ડિગ્રી (B.Design) પૂર્ણ કરી ત્યારબાદ આર્ટ ડિરેક્શન અને પ્રોડક્શન ડિઝાઈનમાં PG Diploma કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પ્રોડક્શન ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૩૨,૬૮૦ થી ૫૪,૫૫૭*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.salaryexpert.com/salary/job/production-designer/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ફિલ્મ અને વિડીયો પ્રોડક્શન કંપનીઓ, ટેલિવિઝન કંપનીઓ, જાહેરાત અથવા અન્ય કોમર્શિયલ ફિલ્મ નિર્માણ કંપનીઓ.

**ઉદ્યોગ સાહસિકતાઃ** તમે ગ્રાહકોની જરૂરિયાતો અનુસાર સેવા પુરી પાડતી તમારી પોતાની ખાનગી કંપની ચલાવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણઃ** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પ્રોડક્શન આસિસ્ટન્ટ/આર્ટ આસિસ્ટન્ટ → પ્રોડક્શન ડિઝાઈનર → સિનિયર પ્રોડક્શન ડિઝાઈનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર્ટ ડિઝાઈનર, સેટ ડિઝાઈનર, પ્રોડક્શન ડિઝાઈનર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ફિલ્મ સ્ટડીઝ/ડિઝાઈન વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજા સયાજીરાય યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
૨. એમ.બી.પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર
૩. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ
૪. ગર્વમેન્ટ બી.એડ્. કૉલેજ, સુરત
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, અમદાવાદ
૬. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, પ્રભાસપાટણ, વેરાવળ
૭. ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થા, (FTII), પુણે
૮. વર્ચ્યુઅલ વોયેજ કોલેજ ઓફ ઈનોવેશન, ઈન્દોર
૯. ડૉ બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદ
૧૦. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય આદિજાતિ યુનિવર્સિટી, મધ્ય પ્રદેશ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એમ. જે. ગજેરા બી.એડ્. મહિલા કૉલેજ, અમરેલી
૨. એમ.એસ.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગર
૩. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, જલંધર
૪. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, દિલ્હી
૫. ઠાકુર કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, કાંદિવલી ઈસ્ટ, મુંબઈ
૬. કિશનચંદ ચેલારામ કોલેજ ચર્ચગેટ, મુંબઈ
૭. આઈ.ડી.સી. સ્કૂલ ઑફ ડિઝાઈન, મુંબઈ
૮. ડેક્કન એજ્યુકેશન સોસાયટીની ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થા
૯. મણિપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમઃ https://onlinecourses.nptel.ac.in/noc22_de15/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**હેન્ના બીચલર** એક અમેરિકન પ્રોડક્શન ડીઝાઈનર છે જેમણે ઘણી લોકપ્રિય હોલીવુડ ફિલ્મો જેમ કે ક્રિડ, મૂનલાઈટમાં કામ કર્યું છે. તેમના પિતા ઈન્ટીરીયર ડીઝાઈનર હતા તેના કારણે નાની ઉંમરથી જ તેમને ડીઝાઈનનો શોખ હતો. તેણીએ સિનસિનાટી યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા, ફેશન ડિઝાઈનનો અભ્યાસ કર્યો અને પછી ઓહિયોના ડેટોનમાં રાઈટ સ્ટેટ યુનિવર્સિટીમાં દાખલ થયા જ્યાં તેણીએ ફિલ્મનો અભ્યાસ કર્યો.*

સ્રોતઃ https://www.okayplayer.com/culture/hannah-beachler-black-panther-creed-production-designer-interview.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.